VOL.07 | APRIL 2023

ટુડેઝ ફેક્ટ સમાચાર

Issue No.: 06 • Pages : 16 • Total Issue.: 75 • Price : ₹ 15/-

રમઝાનની શ્રેષ્ઠતા

taj Sharbat Since 1952

KhushMaza RESTAURANT

SMART CHAMPS SCHOOL

SR SIFA Refrigeration

VISIT…

KhushMaza
RESTAURANT

رمضان مبارك

حلال
Halal

Ramadan
Mubarak

IFTARI PACK @ 699/-

Tangdi Kebab - 2pcs
Murg Kesari Tikka - 4pcs
Murg Garlic Tikka - 4pcs
Chicken Pepper Fry - 4pcs
Korean Chicken Wings - 4pcs
Chicken Biryani
Pineapple Raita
Green Chutney / Mukhwas / Khajoor

ADVANCE BOOKING REQUIRE

1st Floor, Patel Avenue, Nr. Gurudwara, S.G. Road, Ahmedabad -380 054.

m. : +91 99045 74440 / 99045 77440

PROPRIETOR : EXCITE BITE RESTAURANT

Pickup Point : City Area : Near Lucky Restaurant
Juhapura : Near Al Burooj Tower

ZAKI Z. MIRZA : (M) 7016535568 | 9737530430

PLEASURE

GENTS WEAR

મદ્રસા માટે વાઈટ ઝભ્ભા-લેંઘા મળશે

બાળકો અને મોટા માટે:-

- રેડીમઈડ
- ઝભ્ભા-લેંઘા
- શેરવાની
- પઠાણી શુટ
- સદરા
- ચુડીદાર
- અરબીક કુર્તા

સરનામું : દુકાન નંબર ૮ અને ૧૧, વરખવાલા કોમ્પલેક્ષ, ન્યુ-ચેતના પાસે ગોળગલી, દાલગરવાડ, અમદાવાદ-૧.

TAJ PIYO KHUL KE JIYO...

taj Sharbat Since 1955

MOUTH WATERING 56 FLAVOURS

SERVE WITH

WATER MILK SODA

FOR TRADE INQUIRY CALL: 9825559786

TAJ sharbat are manufactured by best materials in latest hi tech & hygienic plant

KUTUB SIR'S

GROUP & PERSONAL TUITIONS

(A Perfect place for education)

Contact: 9898557221

Address: 269/4, Sakina Mansion, Saifee Mohalla, Astodia Kaji na Dhabha, Ahmedabad

℞ MAHIR DESAI
9274752797

Reg.No.: G64066

℞ FARHIN DESAI
8849897865

DESAI'S
OMNICARE PHARMACY

હોમ ડીલવરી ફ્રી માં કરી આપવામાં આવશે

તમામ પ્રકારની દવા, સર્જીકલ વસ્તુઓ તમામ મશીન હોલસેલ ના ભાવે હવે રીટેઈલમાં

ના નફો ના નુકસાનના ધોરણે રાહત દરે ચાલતી એકમાત્ર દુકાન એટલે....

એફ-૩, પહેલો માળ, ખેડાલ મનસુરી કોમ્પ્લેક્ષ, અહદ સ્પોર્ટ કલબની સામે, લોખંડવાલા રોડ, ફતેહવાડી

સૌ પ્રથમ જુહાપુરા-ફતેવાડી વિસ્તારમાં રાહત દરે ચાલતું

બાપલાદાદા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત

Reg.No.: G64066

દેસાઈ ક્લિનિક & હેલ્થ સેન્ટર

ડો. ઝકશાર દેસાઈ
(B.H.M.S., B.L.S.)

મહિલા રોગ તથા બાળ રોગો ના નિષ્ણાંત

- અઠવાડિયામાં દર શુક્રવાર ફ્રી દવા/તપાસ
- ડાયાબિટીસની તપાસ મફત થશે
- તપાસ + દવા ફક્ત ૩૦ રૂપિયામાં.
- મહિલા ડોક્ટર દ્વારા મહિલા રોગોનું નિદાન

દરેક જાતના થતા રોગોનું અનુભવી ડોક્ટર દ્વારા તપાસ

સમય : સવારે ૧૧ થી ૨ - સાંજે ૬ થી ૮

એફ-૩, પહેલો માળ, ખેડાલ મન્સૂરી કોમ્પ્લેક્ષ, અહદ સ્પોર્ટ કલબની સામે, લોખંડવાલા રોડ, ફતેવાડી, અમદાવાદ

ગરમીમાં દેશના ટોચના પ્રવાસન સ્થળની બોલબાલા

શિમલામાં મે-જૂનની ભીષણ ગરમીથી બચવા માટે અહીં મોટી સંખ્યામાં પ્રવાસી આવીને ઠંડક અનુભવતા હોય છે

શહેરોમાં રહેતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હોય છે. આ ગરમીથી બચવા અને રિફ્રેશ થવા ભારતમાં અનેક એવા સ્થળો છે જ્યાં લોકોને રજાઓ માણવાની અનહદ મજા આવે છે. નદી, ઝરણા અને જંગલ જેવા સ્થળો પર લોકો શાંતિ અને આરામનો અનુભવ કરી શકે છે. આ સ્થળો પર લોકો બજેટ ટ્રીપ કરી યાદગાર અનુભવ કરી શકે છે. યેરકડ તમિલનાડુનું ખુબ પ્રખ્યાત સ્થળ છે. આ સ્થાન કોફી અને મસાલાવાળા બગીચા માટે પણ જાણીતું છે. આ માત્ર એક સુંદર સ્થળ જ નથી, પરંતુ તમે અહીં ટ્રેકિંગની મજા પણ લઈ શકો છો. અહીંના ધોધના દ્રશ્યો મનને શાંતિ આપે છે. આ સિવાય અહીં આવીને તમે જાપાની પાર્ક, અન્ના પાર્કનો નજારો પણ જોઈ શકો છો. શિમલા ખુબ જાણીતું હિલ સ્ટેશન છે. જે કુદરતી સૌંદર્યથી ભરેલું છે. મે-જૂનની ભીષણ ગરમીથી બચવા માટે અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. બરફથી ઘેરાયેલા પહાડો આ સ્થળની સુંદરતામાં વધારો કરે છે. મનાલી હરિયાળી અને પર્વતોથી ઘેરાયેલું સુંદર સ્થળ છે. અહીંની શુદ્ધ હવા તમારો બધો થાક દૂર કરશે. અહીં તમે પેરાગ્લાઈડિંગ, બાઈકિંગ, રિવર રાફ્ટિંગની મજા લઈ શકો છો. આ સાથે જ અહીં ઠંડીની સિઝનમાં હિમવર્ષા બાદ નયનરમ્ય દ્રશ્યો જોવા મળે છે. લક્ષદ્વીપ ૩૬ થી વધુ નાના ટાપુઓમાં વહેંચાયેલું છે. આ તમામ ટાપુઓ પર કોરલ રીફ, રેતાળ દરિયાકિનારા અને સુંદર કુદરતી દ્રશ્યો જોવા મળે છે. પ્રદૂષણમુક્ત હવા, શુદ્ધ પાણી તેની સુંદરતામાં વધારો કરે છે. અહીં તમે સંપૂર્ણ રીતે કુદરતી આનંદ અને આરામનો આનંદ માણી શકો છો. લદ્દાખ બાઈક પ્રેમીઓ માટે સૌથી પ્રિય સ્થળ છે. ઉનાળામાં અહીં જવાથી રાહત થાય છે. અહીં તમે વિવિધ પ્રકારના ખડકોનો આનંદ માણી શકો છો. વિવિધ પ્રકારના તળાવો અને નુબ્રા વેલી અહીંની શાન છે. લદ્દાખના રસ્તાઓ પર બાઈક રાઈડ પર જવાની પણ એક અલગ જ મજા છે. જ્યારે આપણે ઉનાળાથી રાહત મેળવવાની વાત કરી રહ્યા છીએ, ત્યારે આપણે કાશ્મીરને કેવી રીતે ભૂલી શકીએ. એમ પણ કાશ્મીરને પૃથ્વી પરનું સ્વર્ગ કહેવામાં આવે છે. કાશ્મીરના પર્વતો, બગીચા અને અનેક પ્રકારના તળાવો તેની સુંદરતામાં વધારો કરે છે. અહીંનું દાલ તળાવ સૌથી પ્રખ્યાત છે. દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાત લે છે. હાર્સિલી હીલ્સ એક પ્રકારે સ્વર્ગ છે. જો તમારે પહાડોના દ્રશ્યો જોવા હોય તો નિશ્ચિતરૂપે તમારે આ સ્થળની મુલાકાત લેવી જોઈએ. જો તમે રોજબરોજના જીવનથી કંટાળી ગયા છો તો અહીં આવીને તમને રાહત મળશે. અહીં તમને તમામ સ્થળે મોન્ગે, ગુલમોહર, દુધિયા ગુલમોહર અને નીલગીરીના ઝાડ મળશે. જો તમને પ્રકૃતિ સાથે સમય પસાર કરવો ગમે છે તો આ સ્થાન તમારા માટે શ્રેષ્ઠ છે. અહીં તમે રેપ્લિંગ, ટ્રેકિંગની પણ મજા લઈ શકો છો. દાર્જિલિંગ તેના ચાના બગીચાઓ માટે સુપ્રસિદ્ધ છે. જો તમે દાર્જિલિંગની સાચી સુંદરતા જોવા માગતા હોવ તો સવારનો સમય શ્રેષ્ઠ છે. અહીં અનેક પ્રકારના મઠો પણ જોઈ શકાય છે. અહીંનું સ્વચ્છ અને ઠંડીભર્યું વાતાવરણ જોઈ સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ જાય છે. કર્ણાટકનો આ વિસ્તાર તેની સુંદરતા માટે પ્રખ્યાત છે. યહામના ખીણોના નજારા તમારા મનને મોહી લેશે. તમે અહીં આવીને જંગલ અને પર્વતોના સુંદર દ્રશ્યો જોઈ શકો છો. સાથે જ કોફીના બગીચાની અદભુત સુગંધથી તમારું મન તાજગીભર્યું બની જશે. ઉત્તરાખંડનું ઔલી ભારતના સૌથી ઠંડા સ્થળોમાંથી એક છે. સુરજની કિરણો સાથે અહીંની હરિયાળી કોઈ પણ વ્યક્તિનું મન આકર્ષિત કરે છે. અહીં લોકો ટ્રેકિંગની મજા માણી શકે છે. ઔલીમાં વાતાવરણ હંમેશા ઠંડુ રહે છે. સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી વચ્ચે તો અહીં હિમવર્ષા થાય છે. હિમવર્ષા બાદ અહીં આહલાદક દ્રશ્યો જોવા મળે છે.

FOLLOW US @todaysfactsamachar

SUCCESS OF 6TH ANNIVERSARY YEARS

SINCE 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

Lifestyle Magazine

عيد الفطر

EID AL-FITR MUBARAK

SPECIAL MAGAZINE EDITION

ટુડેઝ ફેક્ટ સમાચાર આગામી **ઈદ વિશેષાંકની** તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, માનવતા વિજ્ઞાપન દાતાઓ તથા શુભેચ્છકોને વિનંતી કે તેવો આવનાર **ટુડેઝ ફેક્ટ સમાચારના** ઈદ વિશેષાંકમાં જાહેરાત તેમજ સાથ-સહકાર આપવા વિનંતી.

*T&C Apply

SPECIAL OFFER

FLAT 50% DISCOUNT ON RATE CARD

OFFER VALID TILL 08 APRIL 2023

EID AL-FITR EDITION WILL BE PUBLISHED ON 18 APRIL 2023

'ટુડેઝ ફેક્ટ સમાચારની' મેગેઝિનમાં જાહેરાત કરો અને લાભ મેળવો

1 MAGAZINE 1 ADVT

2 E MAGAZINE PDF 2 TIMES

FOR MORE INFO & ADVERTISEMENT BOOKING | DON'T MISS OFFER

M: 90 33 30 20 74 | 743 50 50 451

OFFICE ADDRESS: Bharat Estate, Opp Shalimar Cinema, Shah E Alam, Ahmedabad-380028

IPL ૨૦૨૩માં આ વખતે નિયમમાં થશે મોટો ફેરફાર

દુનિયાની સૌથી મોટી ક્રિકેટ લીગ એટલે કે IPLની નવી સીઝન ૩૧ માર્ચથી શરૂ થવા જઈ રહી છે. આ લીગ દર વર્ષે કંઈક નવું લઈને આવે છે. અને આ વખતે પણ કંઈક એવું જ થવાનું છે. આ વખતે IPLમાં એક નવો નિયમ આવવાનો છે. આ નિયમને કારણે ટીમો વાઈડ અને નો બોલની માટે DRS પણ લઈ શકશે.

વાઈટ અને નો બોલ માટે હાલ મહિલા IPLમાં આ નિયમ લાગુ છે. અને આ નવા નિયમની અસર અત્યાર સુધી રમાયેલી ત્રણ મેચોમાં પણ જોવા મળી છે. તે સૌપ્રથમ મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટન હરમનપ્રીત કૌરે કર્યું હતું જ્યારે WPLમાં ગુજરાત જાયન્ટ્સ અને યુપી વોરિયર્સને આ નિયમનો કર્યો હતો ઉપયોગ.

આ મેચની છેલ્લી ઓવરમાં યુપીને

જીતવા માટે ૨ બોલમાં ૯ રનની જરૂર હતી. ત્યારે ગુજરાતના બોલર સધરલેન્ડ ડોટે આ બોલ ફેંક્યો અને અમ્પાયરે પણ તેને વાઈડ આપ્યો ન હતો. પરંતુ ત્યારે જ ગ્રેસ હેરિસે ડીઆરએસનો ઉપયોગ કરીને રિવ્યુ લીધો હતો. લિયા અને થર્ડ અમ્પાયરે યુપી કેમ્પને ખુશ કરવા વાઈડ આપ્યો અને યુપીની ટીમે એક બોલ બાકી રહેતા મેચ જીતી લીધી. આવી સ્થિતિમાં તમે આ નિયમની ગંભીરતાને સમજી શકો છો કે મેચનું વલણ થોડી સેકંડમાં કેવી રીતે બદલાઈ શકે છે.

ESPN ક્રિકઈન્ફોના એક રિપોર્ટ અનુસરા મહિલા IPL બાદ હવે આ નિયમનો ઉપયોગ મેન્સ IPLની આ સીઝનમાં પણ થશે. ખેલાડીઓ હવે નો બોલ કે વાઈડ બોલ પર પણ ડીઆરએસનો ઉપયોગ કરી શકશે. જો ડીઆરએસ સાચો હશે તો તે રિવ્યુ સાચવવામાં આવશે અને ટીમ ફરીથી તે રિવ્યુ લઈ શકશે પરંતુ જો આ રિવ્યુ ખરાબ હશે તો તે નકામો હશે.

આ નિયમથી માત્ર બેટ્સમેનોને જ નહીં પણ બોલરને પણ ફાયદો થશે. કારણ કે જો મેચમાં અમ્પાયર કોઈ બોલને વાઈડ કે નો બોલ જાહેર કરે છે. તો બોલર આ DRSનો ઉપયોગ કરીને અમ્પાયરના નિર્ણયને ચેલેન્જ કરી શકે છે.

નિકહત જરીને ૪૮-૫૦ કિલો વેટ કેટેગરીમાં સુવર્ણ પદક જીત્યો

મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતને ત્રીજો ગોલ્ડ મેડલ મળી ગયો છે. નિકહત જરીને ૪૮-૫૦ કિલો વેટ કેટેગરીમાં સુવર્ણ પદક જીત્યો છે. નિકહતે વિયેતનામની ન્યૂગેન થી તામને ફાઈનલમાં હરાવી હતી. આ તેમનો વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સતત બીજો ગોલ્ડ મેડલ છે. નિકહતે પહેલાં શનિવારે નીતૂ ગંધાસ અને સ્વીટી બોરાને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. પહેલા રાઉન્ડમાં નિકહત પૂરી રીતે હાવી હતી. તેમણે વિપક્ષી મુક્કેબાજને કોઈ મોકો આપ્યો નહોતો. પહેલા રાઉન્ડમાં તેઓ ૫-૦થી આગળ રહ્યા હતા. બીજા રાઉન્ડમાં પહેલીવાર વિશ્વ ચેમ્પિયનશિપના ફાઈનલમાં પહોંચેલી વિયેતનામની મુક્કેબાજે વાપસી કરી. પરંતુ, નિકહતે ચાન્સ મળતા જ વિપક્ષી મુક્કેબાજ પર પંચથી તૂટી પડી હતી. જો કે, બીજો રાઉન્ડ વિયેતનામની મુક્કેબાજે ૩-૨થી જીત્યો હતો. ત્રીજો રાઉન્ડ પણ ખૂબ જ રસાકસીભર્યો રહ્યો. નિકહત અને વિયેતનામની મુક્કેબાજે પૂરેપૂરી શક્તિ લગાવી હતી. નિકહતે કોચે બતાવેલા રસ્તે ચાલીને વિપક્ષી મુક્કેબાજથી અંતર રાખી શાનદાર અપરકટ અને જૈબ લાગાવ્યા હતા. ત્યારબાદ રેફરીએ મેચ રોકી વિયેતનામની બોક્સરનો હાલ-ચાલ જાણ્યો હતો. ત્યારથી જ નિહકતની જીત અંદાજે પાક્કી થઈ ગઈ હતી અને ખારે નિકહતે ૫-૦થી ત્રીજો રાઉન્ડ જીત્યો હતો. આ સાથે જ તે સતત બીજીવાર વિશ્વ ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

લિયોનેલ મેસ્સીને ફિફાનો સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ

ફૂટબોલ જગતના સૌથી મહાન ખેલાડી તરીકે નામના પ્રાપ્ત કરેલ અને તાજેતરમાં જ ફૂટબોલ ફીફા વર્લ્ડકપ જીતવાનું સપનું સાકાર કર્યા બાદ 'ધ ગોટ' લિયોનેલ મેસ્સીએ વધુ એક ખિતાબ પોતાના નામે કર્યો છે. લિયોનેલ મેસ્સીને પુરુષ વર્ગમાં ફીફાના સર્વશ્રેષ્ઠ ખેલાડીનો ખિતાબ મળ્યો છે. જ્યારે મહિલા વર્ગમાં સ્પેનની એલેક્સિયા પુટેલાસે આ સિદ્ધિ પોતાના નામે કરી હતી.

મેસ્સીએ પેરિસના સાલે ખાતે સમારોહ દરમિયાન કહ્યું હતું કે, આટલા લાંબા સંઘર્ષ પછી અને તેની પાછળ જઈને અને આટલા પ્રયત્નો કર્યા બાદ મારા સ્વપ્નને સાકાર કરી શક્યો તે મારા માટે ખૂબ મોટી વાત છે.

ત્રણ ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમના કેપ્ટન અને કોચની વૈશ્વિક પેનલ, ફીફા ના ૨૧૧ સભ્ય દેશોમાંથી દરેકમાં પસંદગી પામેલ પત્રકારોને અને ઓનલાઈન ચાહકો દ્વારા વોટિંગમાં શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. ૩૫ વર્ષીય મેસ્સીએ ફીફા દ્વારા વર્લ્ડ કપના સર્વશ્રેષ્ઠ ખેલાડીને આપવામાં આવતી ગોલ્ડન બોલ ટ્રોફીની રેસમાં એમ્બાપ્પેને હરાવ્યા હતા.

આ દરમિયાન મેસ્સીએ કહ્યું કે, આ મારી કારકિર્દીની સૌથી સુંદર વસ્તુ છે. આ દરેક ખેલાડીનું સપનું હોય છે અને બહુ ઓછા લોકો તેને હાંસલ કરી શકતા હોય છે. ભગવાનનો આભાર માનુ છું કે, હું આ કરી શક્યો.

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૨ની ફાઈનલમાં ફ્રાન્સને હરાવીને આર્જેન્ટિનાએ ત્રીજી વખત વર્લ્ડ કપ જીત્યો હતો.

ફિફા વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી રોમાંચક ફાઈનલમાં મેસ્સીની ટીમ આર્જેન્ટિનાએ ફ્રાંસને પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૨થી હરાવ્યું હતું.

કરીયર હવે માત્ર ડિગ્રી પર આધારિત નથી

-રાજેશ શર્મા

થોડા સમય પહેલાં રણબીર કપૂર અને દીપિકા પદુકોણેની ફિલ્મ 'તમાશા' આવી હતી. એ.આર.રહેમાનના અદ્‌ભુત સંગીત અને તેમાં પણ 'હીર તો બડી સેડ હૈ' ગીતના કારણે લોકોને આ ફિલ્મ ગમી ગયેલી પણ 'તમાશા' માં ગમવા જેવી એક બીજી પણ વાત હતી. આ વાત હતી, ફિલ્મમાં કોઈ પણ પ્રકારના ઉપદેશ વિના સમજાવાતું જીવનનું એક નક્કર સત્ય.

શું છે આ સત્ય?

આ સત્યની વાત કરીએ એ પહેલાં 'તમાશા' ના રણબીરની વાત કરી લઈએ.

'તમાશા' ફિલ્મમાં રણબીર કપૂર એવા યુવકની ભૂમિકામાં છે કે જેને પોતાને રસ ના પડતો હોય એવો વિષય પિતાના આગ્રહના કારણે એને લેવો પડે છે. તેને પોતાને સ્ટોરી ટેલિંગ એટલે કે વાર્તા કહેવામાં મજા આવે છે પણ પિતા સામે બોલી શકતો નથી તેથી એન્જિનિયરિંગનું ભણે છે ને પછી પોતાને રસ નથી તેવી પ્રોડક્ટ મેનેજરની નોકરી કરે છે. આ કારણે તેની જિંદગી બેકાર બની જાય છે અને બધો રસ ગુમાવીને એકદમ મિકેનિકલ જિંદગી જીવવા માંડે છે. એક સમયે જિંદગીની ભરપૂર મજા માણતો છોકરો બોરિંગ માણસ બનીને રહી જાય છે. 'તમાશા' ફિલ્મ હતી એટલે હીરોઈન દીપિકા પદુકોણે રણબીરની જિંદગીમાં આવે છે ને તેને બોરિંગ લાઈફમાંથી બહાર કાઢીને તેને ગમતા કામમાં જોતરી દે છે પણ એ ફિલ્મ હતી તેથી તેમાં એવું થાય, વાસ્તવિક જીવનમાં એવું બનતું નથી.

'તમાશા' ના રણબીર કપૂરની સ્ટોરી ખરેખર તો આપણે ત્યાં મોટા ભાગના યુવક-યુવતીઓની સ્ટોરી છે. આપણે ત્યાં મોટા ભાગના યુવક-યુવતીઓને પોતે કઈ સ્ટ્રીમમાં જવું છે કે પછી શું ભણવું છે કે કેવી કારકિર્દી પસંદ કરવાનો કે નક્કી કરવાનો અધિકાર નથી હોતો. તેમના બદલે માતાપિતા નક્કી કરે એ સ્ટ્રીમમાં તેમણે જવું પડે છે. બલ્કે તેમને પરાણે ધકેલી દેવાય છે. હોશિયાર વિદ્યાર્થી હોય તો ગમે તે સ્ટ્રીમમાં સારા માર્કસ લાવીને કરીયર બનાવી લે પણ એ કરીયરમાં તેને બહુ મજા નથી પડતી. પછી જિંદગીભર તેને એવો વસવસો રહ્યા કરે છે કે આ રસ વિનાનું કામ કરવાના બદલે આપણને ગમતી સ્ટ્રીમ પસંદ કરી હોત તો સારું હતું.

'તમાશા' ફિલ્મમાં તમે ગમતા ના હોય તેવા કામમાં જાઓ તો શું થાય ને કેવી અવદશા થાય તે સરળ રીતે બતાવાયું હતું. સાથે સાથે બીજી પણ એક વાત સમજાવાઈ હતી. આ વાત જ જીવનનું નક્કર સત્ય છે.

શું છે આ સત્ય?

એ જ કે, તમે તમારું ગમતું કામ કર્યા વિના પણ કરીયર બનાવી શકો ને તેના માટે કોઈ ડિગ્રીની જરૂર નથી. 'તમાશા' ફિલ્મમાં રણબીર છેલ્લે સ્ટોરી ટેલર તરીકે કામ કરતો બતાવાયો છે ને આ કામ માટે કોઈ ડિગ્રીની જરૂર નથી હોતી.

અત્યારે જમાનો બદલાયો છે ને સાથે સાથે કરીયરના કન્સેપ્ટ પણ બદલાયા છે ત્યારે આ વાત બહુ મહત્ત્વની છે. અત્યારે ટેકનોલોજીનો પ્રભાવ વધ્યો છે તેના કારણે કારકિર્દીના વિકલ્પો પણ વધ્યા છે. પહેલાં જોબ કરવા માટે તમારે ઓફિસે જવું ફરજિયાત હતું ને સાથે સાથે તમારી પાસે ફોર્મલ ડિગ્રી જરૂરી હતી પણ હવે એવું રહ્યું નથી. હવે ઓફિસે જવાની જરૂર નથી એ રીતે કરીયર બનાવવા માટે ડિગ્રીની પણ જરૂર નથી. તમારી પાસે ડિગ્રી હોય તો તેમાં કશું ખોટું નથી પણ ડિગ્રી હશે તો જ કરીયર બનશે એ કન્સેપ્ટ હવે રહ્યો નથી.

દુનિયામાં ઘણા બધા એવા સફળ લોકો આવ્યા કે જેમની પાસે કોઈપણ પ્રકારની ફોર્મલ ડિગ્રી નહોતી છતા તેમણે બહુ મોટા સામ્રાજ્ય ખડા કર્યા. અત્યારે દુનિયામાં જે લોકો સૌથી સફળ મનાય છે તેવા મોટા ભાગના લોકો એવા છે કે જેમની પાસે ફોર્મલ ડિગ્રી જ નહોતી છતાં તેમણે એવી કરીયર બનાવી કે કોઈને પણ ઈર્ષા થાય. નવી પેઢીને તેમને અનુસરવાનું મન થાય.

એપલનું સામ્રાજ્ય ખડું કરનારા સ્ટીવ જોબ્સ પાસે કોઈ ડિગ્રી નહોતી. સ્ટીબ જોબ્સ કોલેજ ડ્રોપઆઉટ હતા ને છતા તેમણે કેવડું મોટું સામ્રાજ્ય ખડું કર્યું તે આપણે જોઈએ છીએ. માઈક્રોસોફ્ટના ચેરમેન બિલ ગેટ્સ પણ ફોર્મલ ડિગ્રી વિના જ આટલું મોટું સમ્રાજ્ય ખડું કરી ગયા. અત્યારે ફેસબુક ને વોટ્સએપ બધે છવાયેલાં છે. ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ છે. ઝુકરબર્ગે પણ કોઈ ડિગ્રી નથી લીધી ને છતાં તેમણે આખી દુનિયા જેના પર વારી ગઈ છે તેવું સામ્રાજ્ય ઊભું કર્યું.

આ સિવાય બીજા પણ ઘણાં નામો આ યાદીમાં ગણાવી શકાય પણ પછી મૂળ વાત બાજુ પર રહી જશે તેથી આ યાદી હવે અહીં ટૂંકાવીએ. આ વાંચનારા વિદ્યાર્થીઓને થશે કે, સ્ટીવ જોબ્સ કે બિલ ગેટ્સ જેવા લોકો ડિગ્રી વિના સફળ થયા એ સાચું પણ એવા લોકોની સંખ્યા કેટલી ? બહુ ઓછા લોકો એવા હોય કે જે આ રીતની સફળતા મેળવી શકે. બીજું એ કે સ્ટીવ જોબ્સ, બિલ ગેટ્સ, માર્ક ઝુકરબર્ગ વગેરે ભલે ફોર્મલ ડિગ્રી ના મેળવી શક્યા પણ એ લોકો જિનિયસ તો હતા જ તેથી તેમને સફળતા મળી. બીજી તરફ બધા વિદ્યાર્થીઓ કંઈ જોબ્સ, ગેટ્સ કે ઝુકરબર્ગ જેવા જિનિયસ ના હોય. નવ્વાણું ટકા વિદ્યાર્થી તો એવરેજ હોય. ઘણામાં સાહસ કરવાની ક્ષમતા ના હોય તો ઘણાના સંજોગો એવા ના હોય.

ઈસ્લામી વર્ષનો નવમો મહિનો એટલે પવિત્ર રમઝાનનો મહિનો. દર વર્ષે આ પવિત્ર મહિનો મુસલમાનો માટે કૃપા બનીને આવે છે. આ એ જ મહિનો છે જેમાં કુરઆનને ઉતારવામાં આવ્યું. આ મહિનાની શ્રેષ્ઠતા (ફઝીલત) ઘણી છે. આ મહિનામાં રહેમતોની વર્ષા થાય છે. જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને જહન્નમના બંધ કરી દેવામાં આવે છે. શેતાનોને લોખંડની સાંકળોમાં બાંધી દેવામાં આવે છે.

આ શ્રેષ્ઠતા એટલા માટે છે કે આ મહિનામાં મુસલમાનોને રોઝા રાખવા ફરજિયાત છે. કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે જેમ પહેલાની ઉમ્મતો ઉપર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા હતા એમ ઉમ્મતે મોહમ્મદી માટે પણ ફર્ઝ કરવામાં આવ્યા છે કે જેથી તમે પરહેઝગાર બની જાઓ. હદીષમાં છે અલ્લાહ તઆલા કહે છે રોઝો ખાસ મારા માટે છે અને હું જ એનો બદલો આપીશ. બુખારી શરીફની હદીષમાં છે કે જેણે ઈમાન અને એહતેસાબ સાથે રોઝો રાખ્યો એના ભૂતકાળના બધા જ ગુનાહ માફ કરી દેવામાં આવે છે.

એહતેસાબનો અર્થ છે કે અલ્લાહ તઆલાથી પુણ્યની પ્રાપ્તિ માટે શુદ્ધ નિયતથી રોઝો રાખે અને ધૈર્યપૂર્વક પોતાના મનનું પૃથક્કરણ કરતો રહે.

રોઝો ઈસ્લામના પાંચ અરકાનોમાંથી ઈમાનની સાક્ષી અને નમાઝ પછી ત્રીજે ક્રમે ફરજિયાત કરવામાં આવ્યું છે. રોઝાને અરબીમાં 'સોમ' કહે છે. જેનો અર્થ થાય છે ઇચ્છાઓથી રોકાઈ જવું કે પરહેઝ કરવું. આના ઉપરથી રમઝાનને 'માહે સિયામ' પણ કહેવામાં આવે છે. સવારના પ્રારંભથી લઈ સૂર્યાસ્ત સુધી ખાવા પીવા અને સંભોગ કરવાથી બચવાને રોઝો કહે છે.

હદીષમાં ફરમાવવામાં આવ્યું છે કે દરેક નેકીનો બદલો ૧૦ થી ૭૦૦ ગણા સુધી આપવામાં આવે છે પરંતુ રોઝાનો બદલો અલ્લાહ તઆલા કહે છે હું પોતે એનો બદલો આપીશ. કેમકે રોઝા મારા માટે છે બીજી કથન અનુસાર હું (અલ્લાહ તઆલા) પોતે જ એનો બદલો છું. રોઝાદારને બે ખુશીઓ મળે છે એક ઇફતારના સમયે અને બીજી અલ્લાહ તઆલાથી મુલાકાત ના સમયે. (બુખારી, મુસ્લિમ)

હુઝૂર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું રમઝાન બાબતે મારી ઉમ્મતને પાંચ વસ્તુઓ વિશેષ રીતે આપવામાં આવી છે જે આગળની ઉમ્મતોને આપવામાં આવી ન હતી.

(૧) રોઝાદારની મોઢાની દુર્ગંધ અલ્લાહ તઆલા સામે મુશ્કથી વધારે પ્રિય છે.

(૨) રોઝાદારો માટે દરિયાની માછલીઓ રોઝા ઇફતાર સુધી માફીની દુઆઓ કરતી રહે છે.

(૩) દરરોજ જન્નતને આમના માટે સજાવવામાં આવે છે.

(૪) આ પવિત્ર માસમાં શૈતાનોને કેદ કરી દેવામાં આવે છે.

(૫) રમઝાનની છેલ્લી રાત્રે રોઝાદારોની મગ્ફિરત (માફી) બક્ષી દેવામાં આવે છે.

જ્યારે સહાબાએ પૂછ્યું કે માફીની આ રાત્રે શબેકદ્ર (મોટીરાત્રિ) તો નથી ? પયગંબર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે જવાબ આપ્યો નહી. પ્રણાલિકા આ છે કે મજૂરને મજૂરી કામ પૂર્ણ થતાં જ એની મજૂરી ચૂકવી દેવામાં આવે છે.

(મસનદ એહમદ, બજ્જાર, બયહકી), (ઇબ્ને હબ્બાન)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું રમઝાનની દરેક દિવસ રાત્રિમાં અલ્લાહને ત્યાં જહન્નમના કેદીઓને છોડી મૂકવામાં આવે છે અને દરેક મુસલમાનની એક દુઆ જરૂર કબૂલ થાય છે. (બઝાર, અત્તરગીબ વ અત્તરબીબ)

હદીષમાં છે ત્રણ માણસોની દુઆ રદ કરવામાં નથી આવતી. એક રોઝાદારની દુઆ ઇફતારના સમયે. બીજું ન્યાયી બાદશાહ અને ત્રીજી નિર્દોષ પીડિતની. (મસનદ અહમદ, તિરમીઝી, સહીહ ઇબ્ને હબ્બાન)

આ જ પવિત્ર માસમાં કુરઆન ઉતારવાનો પ્રારંભ થયો હતો. હુઝૂર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ અને સહાબાએ કિરામ રમઝાનમાં વધુ માં વધુ તિલાવત કરતા હતા. હઝરત જબ્રઈલ અલયહીસ્સલામ રમઝાન શરીફમાં નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમને કુરઆનને વારંવાર યાદ કરાવતા હતા. તરાવીહમાં કુરઆન પૂર્ણ કરવામાં આવે છે. આનાથી કુરઆનની શ્રેષ્ઠતા અને મહત્વતા ની જાણ થાય છે. આ માસમાં એક અક્ષરનો બદલો દસ ગણો આપવામાં આવે છે. અર્થાત જો કોઈ એક વખત પણ કુરઆન વાંચીને પૂર્ણ કરો તો એનું પુણ્ય બીજા દિવસોમાં દસ કુરઆના પઢવા જેટલો મળશે.

તરાવીહ વિશે હદીષમાં છે કે જે વ્યક્તિ રમઝાનની રાત્રિઓમાં ઈમાન સાથે પુણ્યની નિયતથી ઈબાદત માટે (નમાઝમાં) ઊભો થાય એના પાછલા બધાં જ ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (બુખારી શરીફ)

રમઝાનમાં સહેરી કરવી આવશ્યક છે. હદીષમાં છે કે ખુદ અલ્લાહ તઆલા અને એના ફરિશ્તા સહેરી ખાનારા ઉપર કૃપા વરસાવે છે. (તબરાની, સહીહ ઇબ્ને હબ્બા)

રમઝાનમાં કોઈ રોઝેદારને ઇફતાર કરાવવો એ પણ બહુ પુણ્યનું કામ છે. રોઝા કરાવનારને પણ રોઝેદાર જેટલું જ પુણ્ય આપવામાં આવે છે.

રમઝાનના છેલ્લી દસ એકી રાત્રિઓમાંથી કોઈ એક શબેકદ્ર હોય છે. આમાં ઈબાદત કરવાવાળાને એક હજાર મહિનાની ઈબાદતનું પુણ્ય આપવામાં આવે છે. અર્થાત ૮૩ વર્ષની ઈબાદતનું પુણ્ય માત્ર એક રાતમાં ઈબાદત કરવાથી આપવામાં આવે છે. ૨૧, ૨૩, ૨૫, ૨૭ કે ૨૯ મી રાત્રિમાં શબેકદ્રને શોધવી જોઈએ.

છેલ્લા દસ દિવસમાં એતેકાફ કરવો સુન્નત મોઅક્કદા અલલ કિફાયા છે. અર્થાત્ મોહલ્લામાંથી કોઈ એક માણસ પણ મસ્જિદમાં સુન્નત એતેકાફ કરી લેશે તો આખા મોહલ્લા કે શેરીના લોકોએ એતેકાફ કરી લીધું. એમ માની એને પુણ્ય આપવામાં આવે છે. એતેકાફનો અર્થ છે ધરણાં કરવા અથવા પલાઠી મારીને બેસી જવું. આનો મુખ્ય હેતુ શબેકદ્ર ને શોધવી અને ઈબાદત કરવી એ છે.

આમ રમઝાનની શ્રેષ્ઠતા ઘણી બધી છે. દરેક સ્ત્રી પુરૂષ ઉપર રમઝાનના રોઝા ફરજ કરવામાં આવ્યા છે. માત્ર બિમાર કે ખૂબ વૃદ્ધ અથવા મુસાફરને જ છૂટ આપવામાં આવી છે. એમને પણ આ કમી થયેલા રોઝા પછીથી રાખવાના હોય છે. રોઝા રોઝાદાર માટે ઢાલ સમાન છે. જહન્નમની યાતનાઓ સામે રોઝો ઢાલ બની જશે.

આવા પવિત્ર અને રહેમતોથી ભરપૂર રમઝાન માસમાં વધારે માં વધારે ઈબાદત અને સહકાર્યો કરવા જોઈએ.

સ્ટ્રોબેરી દરેક મોટાથી લઈ નાના બધાની પ્રિય હોય છે

ઉનાળામાં સ્ટ્રોબેરી અનેક બીમારી સામે રક્ષણ આપશે

સ્ટ્રોબેરીમાં ઘણા વિટામિન હોય છે. સ્ટ્રોબેરીમાં વિટામિન સી, વિટામિન એ, અને કે હોય છે. આ ઉપરાંત, તે કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોલિક એસિડ, ફોસ્ફરસ, પોટેશિયમ અને આહાર રેસાથી સમૃદ્ધ છે. ખાસ વાત એ છે કે, તેમાં કોઈ સોડિયમ, કોલેસ્ટરોલ અને ચરબી નથી. તેમાં હાજર એન્ટીઓક્સિડન્ટો અને પ્લાન્ટ સંયોજનો હૃદયરોગના આરોગ્ય માટે અને બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવા માટે મદદરૂપ સાબિત થઈ શકે છે. સ્ટ્રોબેરીમાં ફેનોલિક ફ્લેવનોઈડ્ઝ ફાયટો-કેમિકલ્સ આવેલાં છે. સ્ટ્રોબેરીના સેવનથી કેન્સરની સામે રક્ષણ મળે છે. તે એન્ટિ એજિંગ છે એટલે ત્વચાની સુંદરતા માટે ઉપયોગી છે. સ્ટ્રોબેરીમાં વિટામિન સી વધુ પ્રમાણમાં મળે છે જે પાવરફુલ એન્ટિઓક્સિડન્ટ છે. માટે જ વિટામિન સી વધુ હોય તેવાં ફળો ખાવાથી રોગ સામે રક્ષણ મળે છે. સ્ટ્રોબેરી વારંવાર થતાં શરદી-ખાંસીને દૂર રાખે છે. સ્ટ્રોબેરીમાં વિટામિન બી કોમ્પ્લેક્સ અને વિટામિન બી-૬ વધુ પ્રમાણમાં આવેલાં છે.

આ બધાં વિટામિનથી શરીરમાં કાર્બોહાઈડ્રેટ્સ પ્રોટીન અને ફેટ સારા પ્રમાણમાં મેટાબોલાઈઝ થાય છે. સ્ટ્રોબેરીમાં મિનરલ્સ જેવાં કે પોટેશિયમ, મેંગેનિઝ, કોપર, આયર્ન અને આયોડિન આવેલાં છે. પોટેશિયમ ખાસ કરીને હાર્ટરેટને માપસર રાખવાનું કામ કરે છે. વળી બ્લડપ્રેશરને પણ મેન્ટેઈન કરે છે. કોપરથી રેડ સેલ્સ સારા રહે છે. શરીરમાં રેડ બ્લડ સેલ બનાવવા માટે આયર્ન ઉપયોગી છે. ફ્લોરાઈડથી હાડકાં મજબૂત થાય છે અને દાંતમાં ફાયદો થાય છે. ૨થી ૩ મહિના મળતી સ્ટ્રોબેરી ભરપૂર ખાવી જોઈએ. બાળકોને બપોરે જ્યારે બહુ ભૂખ લાગે અથવા સવારે શાળાએ જતાં પહેલાં ૧ વાટકો સ્ટ્રોબેરી ખવડાવવી ફાયદાકારક છે. સ્ટ્રોબેરીમાં વિટામિન ઈ અને શરીરની સુંદરતા વધારવામાં મદદરૂપ થતાં ફ્લેવેનોઈડ્ઝ આવેલાં છે. સ્ટ્રોબેરીથી ત્વચાની સુંદરતા વાળની સુંદરતા મળે છે. સ્ટ્રોબેરી ચહેરા પર, હાથ પર અને શરીરના અન્ય અંગો પર પડતી કરચલીથી દૂર રહે છે.

૧૦ વર્ષ સુધીના બાળકોમાં મજબૂત એન્ટિબોડી હોય છે

દેશમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે. ત્યારે કોવિડ-૧૯ રિસર્ચમાં કેટલીક મહત્વની બાબતો જાણવા મળી છે. રિસર્ચ અનુસાર ૧૦ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોમાં અધિક એન્ટીબોડીનું નિર્માણ થાય છે. બાળકોમાં કિશોરો તથા પુખ્તવયની સરખામણીમાં એન્ટીબોડીનું સ્તર અધિક રહે છે, જે રોગ સામે લડવાની પ્રતિકારક ક્ષમતા વધારે છે. એક ન્યુઝપેપર અનુસાર બાળકોને પુખ્તવયના લોકોની તુલનામાં કોવિડ-૧૯ની શા માટે ઓછી અસર થાય છે. આ વિષય અંગે હજુ પણ રિસર્ચ કરવામાં આવી રહ્યું છે, જેની પાછળ અનેક કારણો માનવામાં આવી રહ્યા છે. વેલ કોર્નેલ મેડિસિનના સંશોધકોના નેતૃત્વમાં એક ટીમ દ્વારા ન્યુયોર્કમાં આ સંશોધન કરવામાં આવ્યું છે. જેમાં એપ્રિલ અને ઓગસ્ટ ૨૦૨૦ દરમિયાન ૩૨ હજાર લોકોમાં એન્ટીબોડીની તપાસ કરવામાં આવી હતી. જે અંતર્ગત ૧,૨૦૦ બાળકોમાં ૧૭ ટકા અને ૩૦,૦૦૦ વયસ્કોમાં ૧૯ ટકા જૂનું ઈંફેક્શન જોવા મળ્યું હતું. તેમજ ૮૫ બાળકો અને ૩,૬૪૮ વયસ્ક જેઓ કોરોના પોઝિટિવ હતા તેમના પર પણ રિસર્ચ કરવામાં આવ્યું હતું, જેમાં કોરોનાગ્રસ્ત લોકોમાં ઈમ્યુનોગ્લોબલિન એસ એન્ટીબોડીની તપાસ કરાઈ હતી. ૧થી ૧૦ વર્ષના ૩૨ બાળકોમાં ૧૯થી ૨૪ વર્ષના ૧૨૭ યુવાઓ કરતા અધિક આઈજીજે સ્તર જોવા મળ્યું છે. ત્યાર બાદ ૧થી ૨૬ વર્ષના કોરોના પોઝિટીવ પેશન્ટ પર રિસર્ચ કરાયું હતું, જેમાં ૧થી ૧૦ વર્ષના બાળકોમાં ૧૧થી ૧૮ વર્ષના કિશોરો કરતા બમણું આઈજીજે એન્ટીબોડી સ્તર જોવા મળ્યું છે. રિસર્ચમાં જણાવાયું છે કે, આ રિસર્ચ સાબિત કરે છે કે, ૧થી ૧૦ વર્ષના બાળકોમાં એન્ટીબોડીનું સ્તર અધિક જોવા મળે છે. વયસ્ક કરતા બાળકોમાં એન્ટીબોડીનું સ્તર અધિક હોવાના કારણે બાળકો મજબૂત પ્રતિકારક ક્ષમતાથી કોવિડ-૧૯ સામે લડવા માટે સક્ષમ છે. વધુ એક રિસર્ચમાં પણ જાણવા મળ્યું છે કે, બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ વધુ જોવા મળે છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા રિસર્ચ અનુસાર બાળકોમાં ઈનેટ રોગપ્રતિકારક શક્તિ વધુ સક્ષમ હોય છે. જે સંક્રમણ જોવા મળતા જ સંક્રમણને દૂર કરવા માટે સહાય કરે છે તથા અન્ય જાણકારી અનુસાર બાળકોના શ્વસનતંત્રમાં એસીઈ૨ નામક ઓછા રિસેપ્ટર્સ જોવા મળે છે, કોરોનાવાયરસ આપણા શરીરમાં પ્રવેશ મેળવવા માટે તેનો ઉપયોગ કરે છે. કોવિડ-૧૯ મહામારીને લઈને એક અન્ય રિસર્ચમાં ખૂબ જ હેરાન કરતી માહિતી સામે આવી છે. જેમાં જણાવાયું છે કે, યુવાવર્ગમાં એન્ટીબોડીનું સ્તર ઓછું જોવા મળે છે.

પોતાની કમાણી અને ખર્ચને ટ્રેક કરવાની બાબત ખુબ ઉપયોગી...

બિઝનેસ ફાઈનાન્સને વ્યવસ્થિત રાખો

પર્સનલ ફાઇનાન્સની જેમ જ બિઝનેસના નાના ફાઇનાન્સને પણ વ્યવસ્થિત રાખવાની બાબત જરૂરી છે : આનાથી સફળતા મળશે

બિઝનેસ ફાઈનેન્સને વ્યવસ્થિત કરીને સફળતા હાંસલ કરી શકાય છે. પર્સનલ ફાઈનેન્સની જેમ જ આપને નાના ફાઈનેન્સને પણ વ્યવસ્થિત રાખવાની જરૂર હોય છે. કેટલાક ખાસ પગલા લઈને બિઝનેસના નાના ફાઈનાન્સને પણ આરામથી વ્યવસ્થિત રાખી શકાય છે. તેમને ટ્રેક કરી શકાય છે. આ રીતે તમે તમારા બિઝનેસને સફળતાપૂર્વક ચલાવી શકો છો. સાથે સાથે લક્ષ્યને સફળતાપૂર્વક હાંસલ કરી શકાય છે. બિઝનેસ શરૂ કરવાની બાબત ચોક્કસપણે પોતાની રીતે મોટી બાબત છે. આમાં આપની પાસે લિસ્ટ હોય છે. આમાં સમય સમય પર અલગ અલગ કામો પણ કરવા પડે છે. આવી સ્થિતીમાં આ તમામની સાથે કામ પાર પાડવા માટેની બાબત પણ સરળ હોતી નથી. જો કે જો બિઝનેસથી વધારે પૈસા મળી રહ્યા નથી તો તે તે એક ઈચ્છાથી વધારે રહેતો નથી. પોતાના નાના બિઝનેસને યોગ્ય રીતે મેનેજ કરવા અને વ્યવસ્થિત રાખવાની બાબત હંમેશા ઉપયોગી સાબિત થાય છે. આના કારણે સફળતા હાંસલ કરી શકાય છે. આનાથી બિઝનેસને સફળતાની દિશામાં લઈને આગળ વધી શકાય છે. પોતાના પ્રોફિટ ગોલને હાંસલ કરવા માટે કેટલાક નક્કર માર્ગ અપનાવવા પડે છે. પર્સનલ ફાઈનાન્સની જેમ જ એવા અનેક તરીકા છે જેના કારણે આપ બિઝનેસ ફાઈનાન્સને વ્યવસ્થિત રાખી શકો છો. સામાન્ય લોકો અને જાણકાર નિષ્ણાંતો કહે છે કે આપના બિઝનેસને વ્યવસ્થિત રાખવા માટે સૌથી પહેલા હાર્ડ કોપીને સોફ્ટ કોપીમાં ફેરવી નાખવામાં આવે તે જરૂરી છે. બિઝનેસને વ્યવસ્થિત કરવા માટે આપને પોતાના મોટા ભાગના ફાઈનાન્સિયલ પેપરવર્કને ડિજિટાઈઝ કરી દેવાની જરૂર હોય છે. તમે તમારા દસ્તાવેજને ડિજિટલી સેવ કરી શકો છો. સાથે સાથે થર્ડ પાર્ટી સર્વિસનો ઉપયોગ કરીને તેમને બચાવી શકાય છે. આપને તમામ ચીજો કોમ્પ્યુટર પર સાચવીને રાખવાની પણ કોઈ જરૂર નથી. જો તમે કોઈ હાર્ડ કોપી રાખવા માટેની ઈચ્છા ધરાવો છો તો તેને કેટેગરીની દ્રષ્ટિએ વિભાજિત રાખી શકાય છે. તેમને કેબિનેટમાં વ્યવસ્થિત રીતે રાખી શકાય છે. બિઝનેસને સુરક્ષિત રાખવા માટે કેટલાક પગલા જરૂરી હોય છે. બિઝનેસને પોતાના સ્તર પર સુરક્ષાની જરૂર હોય છે. આના માટે આપને પોતાના

બિઝનેસ માટે વીમા લેવાની પણ જરૂર હોય છે. આના કારણે તમે તમારા બિઝનેસની એક અલગ ઓળખ ઉભી કરી શકો છો. સાથે સાથે બિઝનેસ ફાઈનાન્સને પણ ખાનગી ફાયનાન્સ કરતા અલગ રાખી શકાય છે. જો તમે ઈચ્છો છો કે એવા ફાઈનાન્સલ મામલા જેના કારણે બિઝનેસ પર માઠી અસર થઈ રહી છે તેનાથી આપની અંગત સંપત્તિ બચી રહે તો આના માટે બિઝનેસને સુરક્ષિત રાખવાની જરૂર હોય છે. આવી રીતે આપ આપના બિઝનેસ ફાઈનેન્સને વધારે વ્યવસ્થિત રાખી શકો છો અને સાથે સાથે સુરક્ષિત પણ રાખી શકો છો. બિઝનેસના નાના ફાઈનાન્સને વ્યવસ્થિત રાખવા માટે આપને આ બાબત જાણવી ખુબ જરૂરી છે કે આપની આવક કેટલી થઈ રહી છે. આપ આપની માસિક, સામાહિક અને દરરોજની કમાણી કેટલી કરી રહ્યા છો. આ બાબત જાણવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. પોતાના બિઝનેસ માટે કેટલી રકમ ઉભી થઈ રહી છે તે બાબત જાણવી જરૂરી છે. આપ આના માટે એક સ્પ્રેડશીટનો ઉપયોગ કરી શકો છો. સાથે સાથે આપ પોતાની કમાણીને કેટેગરીઝમાં વિભાજિત કરી શકો છો. આ રીતે તમે કમાણીને ટ્રેક કરી શકો છો. સાથે સાથે પોતાના ફાઈનાન્સને યોગ્ય રીતે વ્યવસ્થિત રાખી શકો છો. પોતાના ખર્ચને ટ્રેક કરવામાં આવે તે બાબત પણ જરૂરી છે. જો તમે તમારી કમાણીના ટ્રેક રાખી રહ્યા છો તો તે બાબત અસરકારક સાબિત થઈ શકે છે. ખર્ચને પણ ટ્રેક કરવાની જરૂર હોય છે. એન્ટરપ્રેન્યોર્સની પાસે કેટલાક જરૂરી ખર્ચ હોય છે. જે ખર્ચને તેમને આપવા જ પડે છે. જેથી તેમના બિઝનેસને આગળ વધારી શકાય છે. આપ પોતાના ટેક્સ પર બિઝનેસના કેટલાક ખર્ચને ઓછા કરી શકો છો. પોતાની ટેક્સેબલ આવકને ઓછી કરી શકો છો. જે રીતે તમે પોતાની કમાણીને ટ્રેક કરો છો તેવી જ રીતે ખર્ચને પણ ટ્રેક કરી શકો છો. બિનજરૂરી ખર્ચ થઈ રહ્યા છે કે કેમ તે બાબત જાણી શકાય છે. સફળતા માટે બિનજરૂરી ખર્ચ પર અંકુશ રહે તે જરૂરી હોય છે. એન્ટરપ્રેન્યર્સ એ જ ઈચ્છે છે કે તેમની પાસે પૈસા આવવા માટેના તરીકા સરળ રહે. આના માટે સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે પહેલા એ નક્કી કરવું પડશે કે પૈસા તમે કઈ રીતે લેશો. આ એ બાબત પર આધારિત રહે છે કે આપનો બિઝનેસ કેવા આધાર પર ચાલે છે. જો તમે કોઈ સર્વિસ આપી રહ્યા છો તો આપને નિયમિત રીતે સંકલન રાખવાની જરૂર રહેશે. જો તમે કોઈ પ્રોડક્સ વેચી રહ્યા છો તો આપને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ લેવા પડશે અથવા તો પોતાની વેબસાઈટ પર ઓનલાઈન કાર્ટ ઓપ્શન સેટ અપ કરવાની જરૂર રહેશે. પેમેન્ટને સરળ બનાવીને બિઝનેસના નાના ફાઈનાન્સને યોગ્ય બનાવી શકો છો. જેમ જ આપના બિઝનેસમાં પૈસા આવવાની શરૂઆત થાય તેમ જ આપને અલગ ફાઈનાન્સ કરવાની જરૂર હોય છે. અંગત અને બિઝનેસ ફાઈનાન્સને હંમેશા અલગ રાખવાની જરૂર હોય છે.

લગ્ન પહેલાની મુલાકાત અને યાદોને કેદ રાખવામાં આવે છે

પ્રી-વેડિંગ ફોટોશૂટ માટે શહેરોનો ક્રેઝ

લગ્ન પહેલાની મુલાકાત અને યાદોને કેદ કરવાના ક્રમની એક ઇવેન્ટ તરીકે પ્રી વેડિંગ ફોટો શૂટ છે : લાઇફની શરૂઆત કરનાર માટે પ્રસંગ

લગ્ન પહેલાની મુલાકાતો અને યાદોને યાદગાર બનાવીને દરેક વ્યક્તિ લાઈફમાં આગળ વધવા માટે ઈચ્છુક હોય છે. આ યાદોને હંમેશા માટે સાચવીને રાખવામાં આવે છે. આ દિશામાં જ એક ક્રમની ઈવેન્ટને પ્રી વેડિંગ ફોટોશુટ તરીકે ગણવામાં આવે છે. પ્રી વેડિંગ ફોટોશૂટ આધુનિક સમયમાં લગ્નના એક જરૂરી હિસ્સા તરીકે છે. જો આવનાર વેડિંગ સિઝનમાં તમે પણ પોતાની નવી લાઈફની શરૂઆત કરવા માટે આગળ વધી રહ્યા છો તો આ ચાર મહિના પ્રી વે.દિ ફોટોશુટ આના માટે પરફેક્ટ હોઈ શકે છે. આ ગાળા દરમિયાન તમે ક્યારે પણ પ્લાનિંગની દ્રષ્ટિએ ફોટોશૂટ કરાવી શકો છો. અહીં આજે અમે એવી ચાર જગ્યાની માહિતી આપી રહ્યા છીએ જે પ્રી વેડિંગ ફોટોશૂટ માટે ખાસ છે. સાથે સાથે પૈસાની દ્રષ્ટિએ પણ વધારે ખર્ચાળ નથી. અહીં આપને બજેટની રીતે જ તમામ ચીજો સરળ રીતે ઉપલબ્ધ બની જાય છે. આ વર્ષે ૧૨મી જુલાઈના ગાળા બાદ દેવ શયની અદાદશીની સાથે જ હવે આગામી ચાર મહિના માટે શુભ કાર્ય કરવામાં આવનાર નથી. જેમાં લગ્ન, ગૃહ પ્રવેશ અને નવા કામની શરૂઆતનો સમાવેશ થાય છે. હવે આઠમી નવેમ્બરના દિવસે જ દેવઉઠની અકાદશીની સાથે જ લગ્નની સિઝનની શરૂઆત થશે. આ ગાળા દરમિયાન દેશભરમાં મોન્સૂન રહેશે. ફોટોશુટના ગાળા દરમિયાન કુદરતી સુંન્દરતાનો નજારો જોવા મળેછે. ક્લીક કરવા માટે મોન્સૂનની સિઝન બેસ્ટ હોય છે. આવી સ્થિતિમાં અમે ચાર ખુબસુરત ડેસ્ટિનેશનના સંબંધમાં માહિતી આપી રહ્યા છીએ. આ ચાર ડેસ્ટિનેશનમાં જયપુર, ઉદયપુર, પણજી માર્ગો અને ઓરછાનો સમાવેશ થાય છે. જયપુરની વાત કરવામાં આવે તો તેને રાજસ્થાનની પિન્ક સિટી અથવા તો ગુલાબી નગર તરીકે ગણવામાં આવે છે. પ્રી વેડિંગ ફોટોશૂટ માટે જયપુર પરફેક્ટ ડેસ્ટિનેશન તરીકે છે. જયપુરમાં આપને કિલ્લા, મહેલ, જીલ અને પહાડો જોવા મળી શકે છે. આ તમામ ખુબસુરત લોકેશન અહીં ઉપલબ્ધ છે.

અહીં તમે જળ મહેલ, કનક વૃદાવન, માનસાગર જીલ, આમેર ફોર્ટની અંદર સીસ મહેલ સહિત જુદા જુદા લોકેશનના ફોટોશૂટ માટે પસંદ કરી શકો છો. આવી જ રીતે જીલની નગરી ઉદયપુરમાં પણ પ્રી વેડિંગ ફોટોશૂટની મજા માણી શકાય છે. અહીં મોટા પાયે ઝીલ, કિલ્લા, મહેલ, પહાડીઓ રહેલી છે. સાથે સાથે અનેક ઐતિહાસિક સ્થળ રહેલા છે. જે ફોટોશુટની દ્રષ્ટિએ આદર્શન તરીકે રહે છે. ખાસ બાબત એ છે કે મોન્સૂનની સિઝનમાં અહીં ખુબસુરતી અનેક ગણી વધી જાય છે. પણજી અને માર્ગો ભારતના ગોવા રાજ્યના બે ખુબસુરત શહેર છે. પણજી ગોવાના પાટનગર તરીકે છે. ગોવા ટ્રિપ યુથના પસંદગીના ટ્રિપ તરીકે હોય છે. મોટા ભાગના લોકો હનીમુન માટે ગોવા જવાનુ પસંદ કરે છે. અહીં તમે પ્રી વેડિંગ શુટ કરી શકો છો. દરિયા, ખુબસુરત બીચ, ફોર્ટ, ગાર્ડન અહીંની વિશેષતા રહેલી છે. જે આપના ફોટોશૂટને ખુબસુરતીથી ભરી દેશે. મધ્યપ્રદેશના ઓરછાને પણ શાનદાર ફોટોશૂટ સ્થળ તરીકે ગણી શકાય છે. અહીં તમને બેતવા નદીના કિનારે અનેક ખુબ સુન્દર નજારો જોવા મળી શકે છે. જે આપના ફોટોશૂટને યાદગાર બનાવી શકે છે. આ નદીમાં પાણી એટલુ સ્વચ્છ છે કે નદીમાં કેટલીક વખત અંદર રહેલા નાના નાના પથ્થરોને પણ જોઇ શકાય છે. અહીંની ખુબસુરતી તમામને આકર્ષિત કરે છે. પ્રી વેડિંગ ફોટોશૂટ માટે ચાર મહિના અને ચાર શહેરની અનેક ખુબી રહેલી છે. આધુનિક સમયમાં લગ્ન પહેલા પ્રી વેડિંગ ફોટોશૂટને જરૂરી ગણવામાં આવે છે. ભારતમા પણ આ ક્રેઝ ધીમી ગતિથી વધી રહ્યુ છે. આવનાર સમયમાં આને લઈને યુવા પેઢી વધારે જાગરૂક બને તેવી શક્યતા છે.

ભારતની બહાર યુરોપિયન દેશોમાં આને વધારે મહત્વ આપવામાં આવે છે. ભારતમાં યુવા પેઢીમાં આને લઈને હવે ઉત્સુકતા રહેવા લાગી છે. જોરદાર અને શાનદાર ફોટોગ્રાફરને આના માટે પહેલાથી જ કહી દેવામાં આવે છે.

ઓરેંજ ફ્લેવર ચીકન

ગ્રિલ્ડ ઔર બૈક કીયા ગયા ચીકન વજન ઘટાને કે લીયે જરૂરી ડાયેટ મેં ગીના જાતા હૈ.

સામગ્રી :
૨ બોનલેસ ચિકન
૧૫ એમ.એલ. ખાનેવાલા તેલ
કટે હુએ હરે પ્યાજ
૪૦ ગ્રામ છીલા હુઆ લસુન કે ટુકડે
૪૫ ગ્રામ શવ્દ
૬૦ મી.લી. ફ્રેશ ઔરેંજ જ્યુસ
એક ઔરેંજ
૩૦ એમ.એલ.ડાર્ક સોયાસોસ
કટી હુઈ સબ્જીયાં

બનાને કી વિધી :
(૧) તેલ કો સોસ પૈન મેં ગર્મ કરેં ઔર ઉસમેં પ્યાજ ઔર લસૂન કો ફ્રાય કરેં. જબ તક કે યે થોડે નરમ ના હો જાયે.
(૨) અબ ઈસમેં શહદ મિલાએં. ઔર ડાર્ક સોયા સોસ, ઓરેંજ સેગમેન્ટ ભી મીલા દે. તબતક ઈસે અચ્છે સે મિલાતે રહે જબતક કે શહદ દિખના બંદ ના હો જાયે.
(૩) ચીકન કો અચ્છે સે બૈક કરે, જબ ચીકન બૈક હો જાયે તબ ઉસમેં સારા મિશ્રણ ડાલ દે.
(૪) અબ ઈસે ઓવન મેં ૧૯૦ સે પર ૪૫ મિનિટ કે લિએ પકને દે.
(૫) ઈસ બીચ ઓરેંજ જ્યુસ કો ચીકન મેં ડાલ દે.
(૬) અબ ઈસે ગાર્નિશ કરેં ઔર સબ્જીઓં કે સાથ ગરમાગરમ સર્વ કરે.

કમ સમય મેં ઐસે બનાએ લેમન ચીકન

સામગ્રી :
ચીકન : લગભગ ૩૦૦ ગ્રામ - છોટે ટુકડોં મેં કટી હુઈ.
કાશ્મીરી મિર્ચ પાઉડર : ૨ ચમ્મચ
કાલીમિર્ચ પાઉડર : ૧/૨ છોટા ચમ્મચ
અદરક - લસુન કા પેસ્ટ : ૧ ચમ્મચ
હલ્દી પાઉડર : ૧/૪ ચમ્મચ
નીમ્બુ : ૩ નીમ્બુ કા રસ
નમક : ૧/૨ છોટા ચમ્મચ યા જરૂરત કે મુતાબિક
નારિયલ તેલ : જરૂરત કે હિસાબ સે

બનાને કી વિધી :
(૧) એક કટોરે મેં નીંબુ નીચોડ કે ઉસમેં સભી મસાલે મીલાલે.

(૨) ફીર ઉસમેં ચીકન કે પીસ ડાલ કે સબકુછ મિક્સ કરેં.

(૩) ઈસે ૧૦-૧૫ મિનિટ કે લીયે રખ દે. યદી આપ કે પાસ ઔરપ સમય હો તો ઈસે કુછ ઘંટો કે લીયે રખ દે.

(૪) ફીર એક પૈન મેં તેલ ગરમ કરેં ઔર ઉસમેં ચીકન કે પીસકો ડીપ ફ્રાઈ કરે.

(૫) આપકા લેમન ચીકન સર્વ કરને કે લીયે તૈયાર હૈ.

ચોકલેટ બારબેક્યુ ચીકન વીંગ્સ રેસીપી

સામગ્રી :
૧ ચમ્મચ કાલી મિર્ચ પાઉડર
૧ ચમ્મચ લાલ મિર્ચ પાઉડર
૧ ચમ્મચ પ્યાજ કા પાઉડર
૧૧/૨ કપ કટા હુઆ ડાર્ક ચોકલેટ
૧/૩ કપ બ્રાઉન સુગર
૨ ચમ્મચ વિનેગર
૧ ચમ્મચ ૦૦ સોસ
૧/૨ ચમ્મચ ધનીયા પાવડર
૪ ચુટકી નમક
૧ ચમ્મચ લહસુન પાવડર
૨ કપ રિફાઈંડ તેલ
૧૧/૨ કપ ટમાટર કેચપ
૨ ચમ્મચ શહદ
૨ ચમ્મચ કોકો પાઉડર
૨ ચમ્મચ સરસોં કે બીજ
૨ ચમ્મચ નમક

બનાને કી વિધી :
(૧) ચીકન વિંગ્સમેં ગાર્લીક પાઉડર, પ્યાજકા પાઉડર, કાલીમિર્ચ પાઉડર ઔર નમક લગાકર ૨ ઘંટે કે લીયે રખ દે.
(૨) અબ મૈરીનેટ કીયે હુએ ચીકન વીંગ કો મૈદા મેં લપેટ કર અંડે મેં ડિપ કરકે બ્રડ કંબ્સ મેં લપેટ દે.
(૩) ફિર ઈસે ગરમ તેલ મેં ડીપ ફ્રાય કરે.
(૪) સોસ બનાને કે લીયે એક સોસ પેન મેં સભી મેઈન ડીશ કી ચીજોં કો મિક્સ કર કે તબ તક પકાએ જબતક કી વો ઘાટા ના હો જાયે. ઈસકે લીએ લગભગ ૩ મિનિટ લગેંગે.
(૫) અબ ચીકન વીંગ્સ કો તૈયાર કીયે ગએ સોસમેં ડાલકે તુરંત સર્વ કરે.

HITACHI

Xpandable+ Built-in

INTERNATIONAL MODEL

1.0, 1.5, 1.8, 2.0 TON AC

42" Big size Indoor

Superior performance

Ambience Light4

5 Fan speed for convenient cooling

ice clean

CASH BACK WITH NO COST EMI

UPTO 10% DISCOUNT

BOTH CREDIT & DEBIT CARD	ONLY DEBIT CARD	ONLY CREDIT CARD
kotak	FEDERAL BANK	Bank of Baroda, AU Small Finance Bank
ICICI Bank Credit Cards	EMI, BAJAJ FINSERV	FEDERAL BANK, Standard Chartered

BRAND SHOP ADDRESS

SIFA REFRIGERATION

SR SIFA Refrigeration

ASSURING YOU OF BEST SERVICE ALWAYS

Phone : 079-25620533-29095392 / Mob. 9998435057

55 To 59, Ground Floor, Block-C, Premier Shoopping Center.
Nr. Mirzapur Court, Ahmedabad-380001

Email: sifarefrigeration11@gmail.com | Website: www.sifaac.com

TODAYS MEDIA

GRAPHICS | ADVERTISEMENT
BRANDING | PROMOTION | PRINTING

The Complete Solutions For Business Needs

-: OUR SERVICES :-

- Graphics Design
- Festival Poster
- Social Media Marketing
- Logo Designing
- Business/Social Media Poster
- Product Photography
- Digital Wedding Invitation
- Business Video
- Digital Visiting Card
- Motion Posters
- Digital Video Logo
- Video Editing

- Reels & Shorts
- FB | GOOGLE | INSTA ADS
- Website Development

@todaysmedia01

FOR MORE INFO CONTACT :

M: 77 77 99 18 32 | M: 90 33 30 20 74

RNI Registration No. GUJGUJ/2016/72090 Registered under Postal Registation No. AHD-C/102/2019-2022 Valid up to Dt. 31/12/2022 issued by the SSPO's, Ahmedabad City Division. Published on 1st Date of Every month and Permitted to post at Ahmedabad PSO on 5th Date of Every Month.

BACK TO SCHOOL
100
LANGUAGES OF CHILDREN
An International
CURRICULUM SCHOOL
website: smartchampsschools.in
PRE-PRIMARY & PRIMARY
SMART
CHAMPS SCHOOL
Synthesise | Transform | Experiment | Create
ADMISSIONS OPEN FOR:
Toddler Care, Nursery, KG-I,
KG-II, Std 1 to Std 8
SCAN ME AND SEND "HI"
Reggio Emilia-Italy Inspired
World's Best Programs
British Curriculum
World's Best Pedagogies
Froebel & Montessori Lab
• Architecture, Engineering concepts & Science experiments
• Reading Proficient Program makes as early as Junior KG child starts reading the stories
• Dedicated indoor & outdoor area for sport activities specially designed
• Music & Happitude Curriculum
SMART CHAMPS SCHOOL
85300 03177
1. Main Campus, Matilal Park Society, Meera Cross Road, Opposite Maniagar Drainage Pumping Station, Maninagar.
2. Nilamkunj Campus, Besides Gokulnathji Mandir, Bhairavnath to Shahealam Road, Maninagar.

web: www.todaysfact.in

JOIN TODAYS FACT SAMACHAR

Since 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

માસિક મેગેઝિન ગુજરાતી ભાષામાં

વાંચો અને વંચાવો, નવું જાણો, ઘણું માણો!

સમગ્ર પરિવાર માટે શિક્ષણ, આરોગ્ય, રમતો, તકનીકી, મુસાફરી, ખોરાક, જીવનશૈલી, ફેશન, ફિલ્મ, મનોરંજન, બાળકો, મહિલાઓ, વ્યવસાય, કારકીર્દિ, સફળતાનો જ્ઞાનખજાનો ખોલતું મેગેઝિન!

ANNUAL MAGAZINE SUBSCRIPTION

₹200/-

12 ISSUE
ONE YEAR

તો આજે જ આપની ટુડેઝ ફેક્ટ સમાચાર મેગેઝિનની નકલ બુક કરાવો

M: +91- 743 50 50 451

TODAYS FACT SAMACHAR

ટુડેઝ ફેક્ટ સમાચાર

CLICK HERE TO JOIN US ON WHATSAPP

TO GET LATEST NEWS UPDATES

CLICK HERE TO SUBSCRIBE CHANNEL

FOR VIDEOS UPDATES SUBSCRIBE

TODAYS FACT SAMACHAR YOUTUBE CHANNEL

YouTube

CLICK HERE TO BOOK YOUR ADVT

FOR ADVERTISEMENT CONTACT

M: 90 33 30 20 74

website: www.todaysfact.in FOLLOW US @todaysfactsamachar